GJVD021353872026

**અટલાદરા પો.સ્ટે. એફ.આઈ.આર નં:-૧૧૧૯૬૦૪૪૨૬૦૩૫૬/૨૦૨૬ ના કામે પોલીસ કબજે કરેલ વાહન પરત મેળવવાની અરજદાર સિદ્ધેશ જયેશભાઇ પટેલનાઓની મુદ્દામાલ અરજી લગત હુકમ:-**

---

**(૧)** આ કામે અટલાદરા પો.સ્ટે. એફ.આઈ.આર નં.૧૧૧૯૬૦૪૪૨૬૦૩૫૬/૨૦૨૬, પ્રોહી એકટની કલમ-૬૬(૧)(બી) તથા એમ.વી.એક્ટની કલમ-૧૮૫ મુજબના કામે પોલીસે કબજે લીધેલ આ કામના અરજદારની કબજા ભોગવટાની માલીકીનું વાહન KIA CARENS G 1.4 6MT PRESETIGE 7, ફોર વ્હીલર જેનો રજી.નં. GJ.06.PN.5668, જેનો ચેસીસ નં. MZBGC811LPN081930 તથા એન્જિન નં. G4LDN1061714 છે. તે મુદ્દામાલ વાહન પરત મેળવવા હાલની અરજી કરેલ છે. ઉપરોક્ત જણાવેલ મુદ્દામાલ વધુ સમય પોલીસ સ્ટેશનમાં બંધ હાલતમાં પડી રહેવાથી અરજદારને રોજબરોજના કામકાજમાં તકલીફ થાય તથા અરજદારને આર્થિક નુકશાની થાય તેમ છે અને લાંબો સમય પોલીસ સ્ટેશનમાં વાહન પડી રહેવાથી તેના સ્પેરપાર્ટને નુકશાન થાય તેમ છે. જેથી યોગ્ય શરતોને આધિન સદર મુદ્દામાલ પરત સોંપવા અરજ કરેલી છે. અરજદારે આ અરજી સાથે ઓળખના પુરાવા તરીકે એફ.આઈ.આર.ની નકલ, આર.સી.બુકની નકલ, પંજાબ નેશ્નલ બેંકની એન.ઓ.સી.ની નકલ રજૂ કરેલ છે.

**(૨)** અરજદારની સદર અરજી અન્વયે તપાસ કરનાર અમલદારે કરેલ રીપોર્ટ વંચાણે લીધો, સદર કામે અરજદારના વિ.વકીલશ્રીને તથા સામાપક્ષે એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

**(૩)** સદર કામે અરજદાર તર્ફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજોમાં માર્ક ૩/૨ થી

રજુ આર.સી. બુક વંચાણે લેતાં સદર વાહનના માલીક અરજદાર હોવાનું જણાય આવે છે. સદર મુદ્દામાલ વાહન વધુ સમય માટે પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તેના સ્પેર પાર્ટસને નુકશાન થાય અને અરજદારને આર્થિક નુકશાની સહન કરવી પડે તથા અરજદારને મુદ્દામાલ વગર રોજબરોજના કામકાજમાં તકલીફ થાય તેવા સંજોગો છે. જેથી તેને અરજદારને અમુક રકમના જામીન આપ્યેથી શરતોને આધિન મુદ્દામાલ પરત સોંપવામાં આવે તો ઉપરોક્ત મુદ્દામાલનો ઉપયોગ થઈ શકે તથા તેનો વ્યય થતો અટકે. વળી **નામદાર સુપ્રિમ કોર્ટના ૨૦૦૩(૧) જી.એલ.એચ. પાના નં.૩૦૭, સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ ગુજરાત સરકાર**ના ચુકાદા મુજબ મુદ્દામાલ અરજદારને સોંપવો જોઈએ તે ધ્યાને લઈ તેવા સંજોગોમાં અરજદારને જામીન આપ્યેથી યોગ્ય શરતોને આધિન મુદ્દામાલ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે તો તે વ્યાજબી, ન્યાયી અને ઉચિત જણાશે. જેથી નીચે મુજબનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે.

**<u>હુ ક મ</u>**

- અરજદારની હાલની મુદ્દામાલ પરત મેળવવાની અરજી મંજુર કરવામાં આવે છે.
- આ કામે અટલાદરા પો.સ્ટે. એફ.આઈ.આર નં.૧૧૧૯૬૦૪૪૨૬૦૩૫૬/૨૦૨૬, પ્રોહી એકટની કલમ-૬૬(૧)(બી) તથા એમ.વી.એક્ટની કલમ-૧૮૫ મુજબના કામે પોલીસે કબજે લીધેલ આ કામના અરજદારની કબજા ભોગવટાની માલીકીનું વાહન KIA CARENS G 1.4 6MT PRESETIGE 7, ફોર વ્હીલર જેનો રજી.નં. GJ.06.PN.5668, જેનો ચેસીસ નં. MZBGC811LPN081930 તથા એન્જિન નં. G4LDN1061714 છે. તે મુદ્દામાલ વાહન આ કામના અરજદારને મુદ્દામાલ પાવતીમાં જણાવેલ કિંમતથી દોઢી રકમના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો જે તે પોલીસ સ્ટેશને રજુ કર્યેથી નીચેની શરતોને આધિન વચગાળાની કસ્ટડીના સ્વરૂપે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતોઃ-</u>**

(૧) અરજદારે સદરહુ મુદ્દામાલ નામદાર કોર્ટ જ્યારે અને જ્યાં ફરમાવે ત્યારે અને ત્યાં રજુ કરવાનો રહેશે.

(૨) મુદ્દામાલ વાહનના ચારે એંગલથી ફોટોગ્રાફસ પડાવી બિલ સહીત રજુ

કરાવવા.

(૩) અરજદારે મુદ્દામાલની સંભાળ લેવી અને તેના સ્વરૂપમાં કોઈ ફેરફાર કરવો નહી.

(૪) અરજદારે સદર મુદ્દામાલ કોઈને બક્ષિસ આપવું નહી, વેચવું નહી, કે અન્ય કોઈ પણ રીતે તબદીલ કરવું નહી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| **જી. વડોદરા**<br>**તા.૧૨/૦૮/૨૦૨૬** | **(ડી. પી. શાહ)**<br>**પમાં એડી. જ્યુડી.મેજી.ફ.ક.,વડોદરા**<br>**વડોદરા**<br>**CODE NO.GJ01657** |